ધી સુરત પારસી ડ્રેમેટીક ક્લબે ભજવી

બતાવેલો.

" અઠવાડિક મજાહ " ના અધિપતિ મી૦ હોમી ડંગોર કૃત.

એ-તે-૨ફીક

નાટકનાં ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મી૦ હોમી દીનશાજી ડંગોર

" અઠવાડિક મજાહ ઑફીસ " નાનપુરા-સુરત.

સુરત-ચૌટાના પુલ ઉપર આવેલા જૈન વિજય પ્રિન્ટીંગ પ્રેસમા ઠાકોરદાસ માનસીંગે છાપ્યા.

કીંમત બે આના

ઐ-તે-રફીક નાટકમાંના પાત્રોના નામ.

પુરૂષ વર્ગ

ફીરોઝ ... .નરગીસનો સાચો આશક–શીરીનનો ભાઇ.
દોરાબજી ... .નરગીસના બાવાજી–રૂસ્તમના કાકા.
રૂસ્તમ . .. નરગીસના હાથનો ઉમેદવાર–દોરાબજીનો ભત્રીજો.
દારાં ... ...એરામજીનો છોકરો–જરનો ભાઇ.
એરામજી... ...જરના બાવાજી–સોહરાબના વકીલ.
કાવસ કાકા ... ...જરનો સાચો આશક.
સોહરાબ... . ..ફીરોજનો સાચો રફીક–શીરીનનો સાચો આશક.
મનજુધામટ . . શીરીનનો ગબ્બર ચશ્કેલ ઉમેદવાર.
હીરાચંદ. ... . .મારવાડી–ફીરોઝ તથા રૂસ્તમનો લેણદાર.
ગાંધી ... . ..સરકારી વકીલ.
સોમો ... ...છુપા વેશમા સોહરાબ

સ્ત્રી વર્ગ

નરગીસ ... ...ફીરોઝની માશુક–દોરાબજીની છોકરી.
જર ... .કાવસની માશુક એરામજીની છોકરી.
શીરીન .. સોહરાબની માશુક–ફીરોઝની બહેન.
મરીયમ ... . શીરીનની નોકરડી.
કુમઇકાકી... ... ...દારા સ્ત્રીના વેશમા
મીઠીબાઈ... ... ..."નરગીસ વિલા"ની રખેવાળ.

ઉપરાંત

જડજ, સીપાઇઓ, ચારો, ગામડયો, ફોજદાર વિગેરે ! વિગેરે ! ! !

બે બોલ.

મારી નાચીઝ કલમથી લખાયલો આ પહેલવહેલો ખેલ પ્રેક્ષકો સનમુખ ખુલ્લો મુકવાની રજા લઉં છું. લેખક તરીકેની મારી કારકીર્દી મારી બાળ અવસ્થાથી શરૂ થાય છે. બાર વરસ જેવી નાની ઉમ્મરે મે એક નાટક રચ્યો હતો અને એક મારા મીત્રને બતાવ્યો હતો. જોકે ધર્મ સબંધી લાગણી દુખાય એવો તે ખેલ હોવાથી બહાર મુકી શકાય નહિ એવુ મારા મીત્રે જણાવ્યુ. ત્યારપછી તેર વરસની ઉમરે મેં મારી 'નશીબ દેવીના વિચિત્ર ફાટા" ની મોટી વાર્તા લખી કે જે વાર્તા ગઇ પતેતીના મારા લાડકવાયા "અઠવાડિક મજાહ" મા ચાલુ કરી હતી અને તે વાચકોમા એટલીતો પ્રિય થઈ પડી હતી કે આજે મારૂ ચોપાનીયું એનાથીજ ટકી રહયુ છે એમ કહેવામા સહરાગત નથી વીશ વરસની ઉમરે મે મારૂ ચોપાનીયુ "અઠવાડિક મજાહ" ચાલુ કર્યું અને પછી મારા ચોપાનીયાને મજબુત ઠરીઠામ કરી "એ-તે-રશીક" નો આ ખેલ મેં લખવો શરૂ કર્યો, જે મે મારી ફુરસદથી છ માસે પુરો કર્યો. ઉત્તમ મિત્રમંડળમા હુ નાનેથી ભેળાયલો હોવાથી તે તરફ મારી વળણ વધુ ઢળી હતી અને તેથી આજના ભજવાતા નાટકોથી નવીજ વળણ તરફ નાટક રચ્યો છે. મારી દરેક વાર્તામાં એક એવુ ખેંચાણ જોશો કે એક વખત શરૂ કરે છેલ્લે સુધી તેનું છેવટ જાણવાને અધીરા થઇ રહેશો અને મારા આ નાટકમાં પણ તેવુજ જોશો. પહેલા સીનથી કે છેલ્લા સુધી તમો તેનુ છેવટ જાણવાને અધીરા થઇ રહેશો.

ગાયનો પણ મેં પોતે જાણીતી રાગ રાગણી ઉપર જોડયાં છે, જે લોક પ્રિય થઇ પડશે એવી આશા રાખું છુ.

ધિ સુરત પારસી ડ્રેમેટીક કલ્બે જે સહાસ ઉપાડયો છે, તેમાં મેં પણ જોડાઇ પરમાર્થી કામમાં ઝોકાવ્યું છે અને આ ખેલ ભજવવાની પરવાનગી નજીવા બદલે આપી છે

લી॰ દુવાગીર સેવક,

હોમી દીનશાજી ડગોર.

બનામે ખુદા

એ-તે-રફીક

નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

(પ્રવેશ પહેલો)

"નરગીસ વિલા" ના બહારનો બગીચાનો દીખાવ— નરગીસ પોતાની આઠી જરબાનુ સાથે બંદગી કરે છે જરબાનુ નરગીસના ચહેરા ઉપરથી તેણીનુ દિલગીરીનુ કારણ પુછી જાય છે ફીરોઝ આવે છે અને તે પણ નરગીસને તેણીનું દિલગીરીનું કારણ પુછે છે. તેણી જવાબમા પોતાના બાવાજી ફીરોઝ સાથે તેણીને નહિ પરણાવવાને અને તેના પીત્રાઇ રૂસ્તમ સાથે પરણાવવાને ઇચ્છે છે એવુ જણાવે છે. એટલામા દોરાબજી આવે છે અને ફીરોઝ ઉપર ઘણાજ ગુસ્સે થાય છે અને ધિક્કારીને હાકી મુકે છે. પછી રૂસ્તમ આવે છે જેના પ્યારને નરગીસ તુચ્છકારી નાખે છે

(પ્રવેશ બીજો)

વકિલ બંગલાના રૂમનો દીખાવ— કાવસ ગીત ગાય છે જરબાનુ પાસે ઉભા છે કાવસ તેણી સાથના પોતાના લગન વિષે પોતાના બાવાજીને પુછી જોયુ કે નહિ તે જરને પુછે છે જવાબમા તેણી જણાવે છે કે "બાવાજી કહે છે કે તમે મારા પ્યાર ખાતર પરણવા માગતા નથી પણ પૈસા ખાતર પરણવા માગો છો માટે તેવણને સમજાવતા મુશ્કીલી પડશે" એટલામા બહારથી બારણુ ઠોકવાનો અને જરને બોલાવવાનો કોઇનો અવાજ આવે છે કાવસ જર પર વ્હેમાય છે અને ગુસ્સે થઇ ચાલી જાય છે જરનો ભાઇ દારા, જેને નાટક કંપનીમા રહેવાથી ઘણા વરસ ઉપર કાઢી મુકયો હતો, તે આવી પહોચે છે. બેરામજી આવે છે અને તેઓ દારાને જોઇને ખુશી થાય છે. દારા સ્ત્રી વેશ લઈ "કુંમઇ કાકી" થઇ કાવસની કસોટી કરવા તૈયાર થાય છે. કે કાવસ જરને ખરા જીગરથી ચહાય છે કે નહિ.

(પ્રવેશ ત્રીજો)

ફીરોઝના ઘરનો રૂમનો દીખાવ—ફીરોઝ સોફા ઉપર પડયો છે. પાસે તેની બહેન સીરીન બેઠી છે સોહરાબ આવે છે અને ફીરોઝને દીલગીરીનું કારણ પુછે છે ફીરોઝ સઘળુ વિસ્તારીને કહે છે. સોહરાબ તેને હીંમત આપે છે અને પોતાના દોસ્તને ખુશી અને સુખી કરવાને પોતાનો પ્યારો જાન પણ સદકે કરવા તૈયાર થાય છે એક ઠેકાણે નોકરી માટે મળી જવા બોલાવેલો હોવાથી ફીરોઝ જાય છે. સોહરાબ તથા તેની વ્હાલી શીરીન ફીરોઝ માટે અફસોસ કરે છે, એટલામા આયા મરીયમ ધનજુ ધામટ આવ્યો છે એવી ખબર આપે છે. આ બુઢ્ઢો શીરીન સાથે પરણવા માગે છે તેને બરાબર ગધેડો બનાવવા અને અહી ફરી નહિ આવે માટે મરીયમ એક ટાગડો રચે છે સોહરાબ શીરીન સતાઇ જાય છે મરીયમ પોતાનુ મોઢુ સાડીથી ઢાકી સોફા ઉપર બેસે છે. ધનજુ ધામટ આવે છે, અને મરીયમને શીરીન જાણી પોતાનો પ્યાર જાહેર કરે છે. મરીયમ મોઢુ ઢાકેલાનો ખુલાશો કરે છે કે તેણીની આખ આવેલી હોવાથી ડાકટરે બહાર મોઢુ કાઢવા ના કહ્યું છે. ધામટ પાસે તેણી એક કાગળ ઉપર તેણી સાથે પરણવાને અને તેની દોલત આપવાનુ લખાવી લેય છે તેમજ ધામટ મરીયમને કીમતી બ્રસલેટ ભેટ આપે છે આખરે જ્યારે તેણીનુ મોઢું ઉઘાડી કીસ લેવા જાય છે ત્યારે મરીયમ ઉપર ગુસ્સે થાય છે. સોહરાબ અને શીરીન બહાર નીકળી આવે છે અને ધામટને મરીયમ સાથે પરણવાને ગભરાવે છે ધામટ ગભરાય છે અને બધાની માફી માગે છે. અને ત્યા કદી નહિ આવવાનુ અને શીરીનનુ નામ હવે પછી નહિ લેવાનુ કબુલ કરે છે અને વધારામા પેલી કીંમતી બ્રસલેટ મરીયમનેજ આપી દઇ બેવકુફ ગધેડો બની જાય છે. સોહરાબ પેલુ લખાવી લીધેલુ કાગળ પાછળથી ફાડી નાખે છે

(પ્રવેશ ચોથો)

ઉજડ રસ્તાનો દિખાવ—હીરાચંદ મારવાડી તથા ફીરોઝ સામ સામી થાય છે હીરાચંદ ફીરોઝ પાસે માગતા રૂપિઆ માગે છે અને તકાજો કરે છે. છેવટે કોર્ટમા ઘસડવાની સમનની વાત કરે છે આથી ફીરોઝનુ લોહી ઉશ્કેરાઇ આવે છે અને પોતાની આબરૂને ડાઘ લાગેલો જાણી હીરાચંદનુ ખુન કરવાને પીસ્તોલ લેવા દોડે છે, એટલામા રૂસ્તમ આવે છે. તેની ઉપર પણ રૂપિઆ માગતો હોવાથી તકાજો કરે છે અને તેના કાકા દોરાબજીને કહી દેવાની ધમકી આપે છે આથી તે તેને બી-

હવડાવવાને અમસ્થી પિસ્તોલ ટાંકે છે. ભુલમાં ઘોડો છટકી જાય છે અને હીરાચંદ મુરદુ થઇ પડે છે. રૂસ્તમ ગભરાય છે અને એક યુક્તિ રચે છે. હીરાચદના મુરડાને દીવાલ સાથે અઢેળાવી ઉભુ રાખે છે. કે જેથી ફીરોઝ ગુસ્સાની ધુંઇમા આવી તેને જીવતો જાણી પીસ્તોલ મારે. અને આખર તેમજ બનેછે. ફીરોઝ પીસ્તોલ લઈ આવે છે અને મુરડાને જીવતું જાણી પીસ્તોલ મારે છે. મુરડાને હાથ લગાડતા મુવેલુ નીચે પડે છે, એટલામાં સોહરાબ પીસ્તોલનો અવાજ સાંભળી દોડી આવે છે તે ફીરોઝને ત્યાથી નસાડી દેય છે. તે કોણું મુરદુ છે તે જોવા ઉભો રહે છે એટલા પોલીસના માણસો તેને ખુની તરીકે પકડી લઇ જાય છે પોતાના માથે ખુનનુ તોહમત આવી પડવા છતા દોસ્તની ખાતર તે પોતાના જાની મીત્ર ફીરોઝનુ નામ દેતો નથી.

(પ્રવેશ પાંચમો)

"નરગીસ વિલા" નો બહારનો બગીચાનો દેખાવ-નરગીસ ફીરોઝની રાહ જોતી ઉભી છે ફીરોઝ ગભરાયલો આવે છે, તેને જોઇ નરગીસ ગભરાઇ જાય છે. ફીરોઝ સઘળો ખુલાસો કરે છે, અને આપઘાત કરવા તૈયાર થાય છે પણ નરગીસ અટકાવે છે અને નહાસવાને વિનવે છે. ફીરોઝ, નરગીસને પણ પોતાની સાથે નહાંવાને કહે છે. પહેલાં તેણી ના પાડે છે. પાછળથી પોતાના વ્હાલાની ખાતર પોતાના સઘળા ભોગો આપવા તૈયાર થાય છે નરગીસ બંગલામાથી થોડુક નાણું, જણસ તથા મરદના કપડા લઇ આવે છે અને બંને ગુપચુપ નહાસી જાય છે

અંક બીજો.

(પ્રવેશ પહેલો)

કોર્ટનો દેખાવ—જડજ ઉચે સિહાસન ઉપર બેઠા છે. આસપાસ કોર્ટનો સ્ટાફ, વકીલો વિગેરે બેઠા છે સોહરાબને લાવવામા આવે છે. જડજ તેની ઉલટપાલટ તપાસ લેય છે પણ તે ખરો ખુલાસો કરવાને ના પાડે છે. અને બીજા કોઇએ ખુન કર્યું છે જેનુ નામ તે ખાસ કારણોસર દઇ શકતો નથી એમ કહે છે સોહરાબનો વકીલ બેહરામજી તેની તપાસ લેય છે પણ ખરો ખુલાશો મળતો નથી. કોર્ટનો રીસેસનો ઉઠવાનો વખત થાય છે જડજ ચેમ્બરમા જાય છે અને સોહરાબને બેહરામજી ખાનગીમા ઘણો સમજાવે છે પણ તે પોતાના દોસ્ત ફીરોઝને જાહેર કરતો નથી પાછી કોર્ટ બેસે છે સરકારી વકીલ ગાંધી શાક્ષીઓ લેય છે. પકડનાર ફોજદાર

જણાવે છે કે બંધવાને ખુનવાળી જગ્યાએથી પકડયો છે અને તેને નામની પીસ્તોલ ત્યાથી મળી આવી છે. બહેરામજી વકીલ તથા ગાંધી છેવટે ભાષણો કરે છે, બધી જુબાની સમજી જડજ સોહરાબને ખુની ઠરાવે છે અને ફાસીની સજા કરે છે.

(પ્રવેશ બીજો.)

મોહલ્લાનો દિખાવ—કાવસને પોતાની જરે કાગળ લખી બોલાવેલો હોવાથી ખુશ થાય છે અને પેલો બારણું ઠોકતો મરદ તો કોઇ પાસેનો સગો ઘણા વરસે આવેલો જણાવાથી તેની શકા દુર થાય છે દારા સ્ત્રીના ડ્રેસમા આવે છે અને કાવસને પોતાની સાથે તેની કુમઇ કાકી તરીકે જરને ત્યા લઇ જવાને કહે છે કાવસ ના પાડે છે પણ પીસ્તોલ બતાવી ધમકી આપવાથી આખરે કબુલ કરે છે અને તેઓ જાય છે.

(પ્રવેશ ત્રીજો)

ફીરોઝના ઘરનો રૂમ—મરીયમ પાતાની બાઇ માટે બળાપો કરે છે. શીરીન આવે છે અને પોતાના સોહરાબ માટે વિલાપ કરે છે. મરીયમને કેમ સબંધી પુછતા જયારે તેણી સોહરાબને ફાસીની સજા થઇ જણાવે છે ત્યારે બેશુદ્ધ થઇ જાય છે અને અનહદ વિલાપ કરે છે મરીયમ તેણીને શાત કરે છે અને સોહરાબને જેલમાથી નહસાડવાની યુકિત સુચવે છે. તેણી ગાનારીનો વેશ લઇ જેલના સીપાઇને દારૂ પાઇ ત્યાથી દુર કરી સોહરાબને નહસાડી દેવાની યુકિત રચે છે

(પ્રવેશ ચોથો)

વકીલ બંગલાનો રૂમનો દીખાવ—પ્યાર માટે પરણતા આજના જુવાનીયાઓ માટે બેરામજી બળાપો કરે છે જર આવે છે. કાવસ અને સ્ત્રીના વેશમા દારા આવે છે દારા વીશે પુછતા કાવસ પહેલા વણો ગભરાઇ જાય છે પછીથી પોતાની કુમઇ કાકી તરીકે ઓળખાવે છે. જર દારાને કાવસની કાકી તરીકે કોટી કરે છે. કાવસ ગુસ્સે થાય છે બેરામજી જાય છે. જર અને દારા કોટી અને કીસ કરે છે અને સાથ ડાન્સ કરે છે તેથી કાવસનુ ઘણુ પાકી જાય છે અને દારા ઉપર ઘણોજ ગુસ્સે થાય છે.

(પ્રવેશ પાંચમો)

કેદખાનાનો દીખાવ—બે સિપાઇઓ સોહરાબને બાંધીને લાવે છે. સોહરાબ આ જુઠી દુનિઆને શ્રાપ દે છે કે એક નિર્દોષ ખુની તરીકે ફાંસી જાય છે, તેને કેદખાના પુરે છે અને એક સીપાઇ જાય છે બીજો ડાક ઉતારવા બેસે છે એટલામા ગાયનનો અવાજ સાભળી ચોકે છે મરીયમ ગાયન ગાતી આવે છે અને તે પહેરેગારને ખુશ કરે છે, અને આ

શહેરથી અંજાણી હોવાનુ જણાવે છે. પહેરેગીર તેની ઉપર આશક પડી પોતાને મુકામ લઇ જવાને તૈયાર થાય છે. મરીયમ તેને ખુબ દારૂ પાઇ છાકટ કરે છે પછી બાજુમા ભરાયલી શીરીનને જેલ ઉઘાડી સોહરાબને નસાડી દેવાનુ કહી તે પહેરેગીર સાથે તેને ઘેર જાય છે, શીરીન આવે છે અને જેલ ખોલી સોહરાબને બહાર કાઢી નસાડે છે

(પ્રવેશ છઠો.)

જંગલનો દેખાવ—ફીરોઝ અને નરગીસ મરદના વેશમા રખડતાં રખડતા આવે છે જંગલમા ભુલા પડવાથી નરગીસ પાણી વગર બેશુદ્ધ થઇ પડે છે એટલા કોઇ ગામડીયો આવે છે તેની પાસેથી પાણી લઇ તેણીને હુશીયાર કરે છે ગામડયો તેઓ ઉપર વહેમાય છે અને " જેલમાથી નાશી ગયલા ખુનીતો નહિ તમો?" એવુ પુછે છે. ફીરોઝ આથી ગભરાય છે અને તેને વધુ ખુલાસો પુછે છે, તે ગામડયો સોહરાબને ખુની તરીકે પકડયા અને પાણીની મદદ થઇ અને જેલમાથી નાશી ગયો, તે સઘળી વાત કહે છે ફીરોઝ સઘળું સમજી જાય છે અને પોતાના જાની રફીક સોહરાબને માટ દુખી થાય છે કે પોતાને ખાતર તેને આટલુ બધુ વેઠયુ પણ તે જેલમાથી નાશી ગયો તે જાણી શુક્રાના કરે છે. ગામડયો જાયછે અને સામેથી ચોરોની ટોળી ધસી આવે છે અને નરગીસ પાસથી સઘળુ લુંટી લઇ બનેને મુસ્કાટાટ કરે છે એટલા સોહરાબ આવી પહોચે છે અને ચોરોના હાથમા ફીરોઝ અને નરગીસને સપડાયલા જોઇ દુખી થાય છે તેઓને ગમે તેમ કરી બચાવવાનો કસદ કરી તે ચોરો આગળ મોગલ તરીકે જાહેર થાય છે અને નોકરી માટે અર્જ કરે છે, ચોરો તેને પોતાની સાથે લેય છે અને સઘળા જાય છે

(પ્રવેશ સાતમો.)

ચોરોની ગુફા—ચોરો ફીરોઝ અને નરગીસને કેદ કરેલા લાવે છે. સોહરાબ આવે છે. ચોરનો સરદાર નરગીસની હેટ કાઢી નાખે છે તેથી તેણી ઓરત તરીકે જાહેર થઇ જાય છે તે તેણી સાથે પરણવા માગે છે. નરગીસ સામે ઉભેલા ફીરોઝને પોતાના ખાવીંદ તરીકે ઓળખાવે છે ચોરનો સરદાર ફીરોઝને ગરદન મારવાનો હુકમ કરે છે પણ સોહરાબ વચ્ચે પડે છે એથી તેઓએ જાણ્યુ કે એ પોતે ફીરોઝને મારવા માગે છે માટે સોહરાબને ખંજર આપે છે એટલામા એક ચોર આવી ખબર આપે છે કે સામે કોઇ બેગમ ઘણા માલ સાથે જાય છે તેને લુટવા ચાલો. બધા ચોરો જાય છે અને ફકત ચોરનો સરદાર ઉભો રહે છે. તે

ફીરોઝને ખંજર જલદી મારવાને સોહરાબને કહે છે. આ તકનો લાભ લઇ સોહરાબ ફીરોઝને બદલે ચોરના સરદારને ખંજર મારે છે. નરગીસ અને ફીરોઝને નસાડી મુકે છે અને પોતે પણ નહાસી જાય છે.

અંક ત્રીજો.

(પ્રવેશ પહેલો)

"નરગીસ વિલા" નો રૂમનો દીખાવ—દોરાબજી મરણ કાંઠે પલંગ ઉપર પડેલા છે પાસે રૂસ્તમ અને નરગીસ બેઠા છે. ડો. જાલ આવે છે અને દોરાબજીની આશા છોડી દેવાનુ રૂસ્તમને કહી જાય છે. મરતી વખત દોરાબજી રૂસ્તમને માથે ફરજ નાખે છે કે પોતાની સઘળી દોલત પોતાની દીકરી નરગીસને શોધી કાઢી સોપવી. આથી રૂસ્તમ ગભરાય છે, કારણ કે તેને આશા હતી કે કાકાજી દોરાબજી તેનેજ બધુ આપી જશે. પછી તે એક પ્રપચ રચે છે કે દોરાબજીએ કીધેલું ખરૂં વીલ નાશ કરવુ અને એક ખોટુ બનાવતી ઉભુ કરવુ, જેમા સઘળુ દોરાબજી રૂસ્તમ નેજ આપી ગયા છે જણાવવુ

(પ્રવેશ બીજો)

એકાંત રસ્તાનો દેખાવ—શીરીન પોતાના વ્હાલાઓને ગુમાવવા માટે વિલાપ કરે છે. ધનજુ ધામટ આવે છે અને શીરીન સાથે પરણવા માગે છે શીરીન તેને ધુતકારી કાઢે છે. ધામટ તેણીને લલચાવવાને રૂપીઆ ૫૦૦) ની નોટ આપે છે, જેના ચીરીયા કરી નાખી તેણી ચાલી જાય છે. ધામટ અફસોસ કરે છે અને તેણીના નિર્મળ પ્રેમ માટે શાબાશી આપે છે.

(પ્રવેશ ત્રીજો)

કંગાલ ઝુંપડાંનો દેખાવ—ખાટલા ઉપર ફીરોજ બેહાલ પડયો છે નરગીસ પાસે બેઠી છે. સોહરાબ ગામડયાના કપડામા સોમા નોકર તરીકે ઉભો છે નરગીસ ફીરોજની માદગી માટે બળાપો કરે છે અને ફીકરમદ થાય છે તેણી પોતાના બાપને ત્યા ફીરોજને લઇ જઇ સાજો કરવાનો વિચાર કરે છે. જેને સોહરાબ ટેકો આપે છે સોહરાબ મહેનત કરી લાવેલો લોટ નરગીસને આપે છે જેના તેણી રોટલા ઘડવા જાય છે.

(પ્રવેશ ચોથો.)

વકીલ બંગલાના રૂમનો દેખાવ.—દારા કુમઇ કાઝીના કપડામા કાવસ સાથે આવે છે પોતાની જર સાથે દારા ઘણી છુટ લેતો હોવાથી કાવસ બખાળે છે અને બહેરામજીને કહી દેવાની ધમકી આપે છે. જર આવે

છે. કાવસ ઘડી ઘડી ચીરડાયા કરે છે માટે જર અને દારા બેરામજીને કહી દેવાને જાય છે. કાવસ પણ જરાવારે બેરામજીની ઓફીસના બારણા ખોલી નાખી બેરામજીને કહેવા જાય છે પણ પોતાની કહેવાતી ફુમઇ કાકીને મરદના વેશમા જોઇ તાજુબ થાય છે બેરામજી બહાર આવી સઘળો ખુલાસો કરે છે. કાવસને પોતાની દીકરીના સાચા આશક તરીકે કબુલ કરે છે અને દારાને પોતાની બેહેનને માટે કાવસની કસોટી કરવાને બજવલા અસરકારક અને રમુજી પાઠ માટે શાબાશી આપે છે

પ્રવેશ પાંચમો

"નરગિસ વિલા"નો રૂમનો દીખાવ—ફીરોઝ પલંગ ઉપર મરણ પથારીએ પડયોછે પાસે નરગીસ બેઠી છે. તેણી સોમાને દાકટરને બોલાવવાને મોકલે છે. બંગલાની રખેવાળ મીઠીબાઇ આવે છે અને અજાણાને ઘરમા જોઇ તાજુબ થાય છે નરગીસ સઘળો ખુલાસો કરી તેમની માફી માગે છે. રૂસ્તમ આવે છે અને તેઓને જોઇને ઘણોજ ગુસ્સે થાય છે અને મીઠીબાઇને ધમકાવે છે નરગીસની ઘણી કાલકુદી છતા તેણીને તુરત બંગલો છોડી જવા કહે છે એટલામા ફીરોઝના દીલ ઉપર મોટો નાગ ચઢે છે રૂસ્તમને તેને મારવા કહે છે પણ તે મારતો નથી. ઝનુનમા આવી નરગીસ નાગને ડોકમાથી પકડી ઉપાડી નાખે છે તે રૂસ્તમના દીલ ઉપર પડે છે અને ડંખ મારે છે રૂસ્તમ નીચે પટકાઇ પડે છે સોહરાબ અને ડૉ. જાલ આવે છે સોહરાબ નાગને મારે છે રૂસ્તમ મરતી વખતે સઘળો ખુલાસો પોલીસના માણસ ફોજદાર સનમુખ કરે છે પોતે ઇરાચદનું ખુન કર્યું હતુ, તેમજ નરગીસના વારસાનુ વીલ વીગેરે હકીકત કહે છે. આથી ફીરોઝના જીગર ઉપરથી ગમનો બાર ઉઠી જાય છે છુપા વેશમા સામો થઇ રહેલો સોહરાબ જાહેર થાય છે અને એક બીજાને ભેટે છે

(પ્રવેશ છઠ્ઠો)

ઉજડ રસ્તાનો દિખાવ—શીરીન પોતાની બુરીઓ દશા માટે વિલાપ કરે છે અને રડે છે મરીયમ તેણીને દીલાસો દેય છે

(પ્રવેશ સાતમો)

ફીરોઝના ઘરનો રૂમનો દીખાવ—શીરીન પોતાના વ્હાલાઓને છેલ્લી દુવા ઇચ્છી અફરગાન લઇ આતશથી બળી મરવા જાય છે તેણીને સોહરાબ પકડી લેય છે તેણી સોહરાબ, ફીરોઝ તથા નરગીસને જોઇ હરખઘેલી થાય છે તેઓ હરખથી ભેટે છે અને ધર્મોજય થાય છે

સમાપ્ત.

બનામે ખુદા.

એ-તે-રફીક નાટકના ગાયનો.

અંક પહેલો.

નરગીસ-જર— ૧

નમીએ કર જોડી તુને ઓ દાદગર દાવર !
મયા રાખજે સદા તુ હમ દુખી હાલપર— નમીએ
દાદ હમની ચીત્તે ગ્રહી કષ્ટ સર્વે કાપ,
સદા હમારી પડખે રહી દાઝ હૈયે ધર— નમીએ.
ખલકનો નિગેહબાન તું, ગદાનો પાસબાન,
ધરીને ધ્યાન ખાકસાર છું કે તુજને સર— નમીએ.
હર કામમા દે ફત્તેહ અને ફીરોજગર તું કર,
મુશીબતમા ઓ ખાવીંદ મદદે દસ્ત ધર.— નમીએ.

નરગીસ— ૨

દીકરી દુખીપર કરો રહેમ બાવાજી કાંઇ—દીકરી.
રહેમ ઉતારી તમે, દુ:ખી કયા કરી મને,
દોજખમા જીવતે ક્યાં નાખો બાવાજી લઈ—દોજખ-દીકરી.
મોહબત ત્યા દીલ છે, દીલ ત્યાં જીવ છે,
જોડુ ન સત્યનું તોડો બેદીલ થઇ—જોડુ— દીકરી.

દારાબજી— ૩

માન હઠીલી, માન હઠીલી, માન પીતાનું કહેન,
બુરી બજીદથી કરશે અતે ઘણું દુખ તું સહેણુ-માન
નાદાન ભોલી, કેમ થઇ ઘેલી, કયા ગઇ તારી સાન,
માન મરતબો પામે છે દુનીયામા ચઢતું વ્હાન-માન.

કાવસ— ૪

ગીલી ગીલી ગીલી શુ થાયછ દીલમા,
જોઈ જોબન મદમા;
મદમા ફદમા, તનમાં છદમા,

ચીત્તમા આ શું થાય,
મારા મનમા આ શું થાય.
મીઠી મીઠી મીઠી જીભ થાયછ મોમાં,
જોઇ બતાસા લાલ,
લાલમ લાલ, ગરમા ગરમ,
છે મસાલેદાર—ગીલી.

જર— ૫

સંસારી જીવ જાગોરે (૨)
સુખી સાજમાં.
સંપી ઘરના સુખી રહેવાસી,
જગતમાં યશ પામોરે (૨)
સુખી સાજમાં—સંસારી.
ગુલસમ પ્રસરે સુગંધ તમની,
કોમી ડંકા વગાડોરે (૨)
સુખી સાજમાં—સંસારી.

ધનજી-મરીયમ— ૬

કીરતાર ! તુ કરજે હમનો સુખીઓ સંસાર,
સુખીઓ સંસાર, સુખીઓ સંસાર,
કે રહીએ ખુશ ખુશાલ—કીરતાર.
દાવર ! તુ લેજે હમની રાતદીન સંભાળ,
રાતદીન સભાળ, રાતદીન સભાળ,
કે ભોગવ્યે લાખુ સાલ—કીરતાર

ધનજી ઘામટ— ૭

મારી એસકી સીરીન, મારી એસકી સીરીન
તારા જેવી સુદર નાર કોઈ નહી
એસકી સીરીન ધીમુ ધીમુ ચાલે ઠણુક ઠણુક,
ખુબસુરતીમા પરીયાં જેવી સૌને કરે છક;-મારી.

મરીયમ—

મારા ચસ્કી ઘામાટ, મારા ચસકી ઘામાટ—
તારા જેવો ચીંપાજી કોઈ નહી
ચસકી ઘામટ કોટ પાટલુંન પહેરે રંગ બેરંગી,
એક પગતો છે ઘોરમાં પણ કરે જુવાનનો સંગ–મારા.

સારીન—સોરાબ—   ૮

ઈચમજી થાવો તૈયાર, જવાને જમને ત્યાં,
ભરોસો નથી કાલનો ઘોસમોર્હું થશો હયાં;
સાંઠીને બુદ્ધિ નાંઠી, શું હોશ કરેછ પનવા,
દીકરી કરતા પણ નાની પર મોહી પડયો મરવા.

કોરસ

માયામાં થયલા અંધા દેખાડી મોહુ ઠામ,
કાયાને આખર વેચી થુંકાવેચ આખુ ગામ.
કરીને કાળુ મોહું યઝદાનું ધરો નામ,
તું જેવા ઘરડા ઘુવડનું દોજખ થશે ઠામ—ઇચમજી.

ફીરોઝ—   ૯

ખુદાનું છે ફરમાન, તો ઈન્સાન સુખી યા દુ:ખી
કળયુગ જો છે ભમ્યો તુજપર માનવ તુંથી શું થાયે,
માલીકની છે મરજી એવી, તો સુખી યા દુ:ખી–ખુદા.
ચાહે હોતું શાહી યા રંક, નેકીનો હો તું રાહી,
ગ્રહો તુજના છે જો એવા, તો સુખી યા દુ:ખી–ખુદા.

સોરાબ—   ૧૦

સીતમ આ કેવી ગુલતાની, ફાની દુનીયા દારોની,
છલબલ ઓર કલબલની દુનીયાદારી,
નીર્દોષના જીવની હયરાની,
નેકી કદર નહી જાની.—સીતમ.

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

સોરાબ— ૧૧

મોહબત સાચી આગળ જાન કુછબી નારે લેખાએ.
દીલથી દીલ મળ્યુ, કેમરે હાય તે છોડાયે,
જીવ જાય તો જાય મગર ફર્જ નારે ભુલાયે—મોહબત.
કાયર તો તેજ પાપી છે, મીત્ર પોતાનો ફસાવે,
કાયા માટી ખાતર બેવફા થઈ જન્તી શરમાવે—મોહબત.

મરીયમ— ૧૨

અજબ ખેલો થાય છે આ દુનીયા દોરગીમા,
સુફેદ વસ્ત્રો પહેરી કાળા, ફરે છે ફંદ ફરેબીમાં—અજબ.
પરહીજગારો ધુળે લોટે, પાપી મહેલ અતારીઆ,
સાધુ ભુખે તરસે ભટકે, ઠગો જમે મોહ સવાદીઆ—અજબ.

૧૩

જુવો યારો શુ જમાનો આવ્યો છે કલજુગ,
સુધરેલ ઇત્તરો કરે છે બુઢ્ઢાઓની સુગ
આજના દીકરા દીકરી, પરણે છે પ્યાર કરી,
મા-બાપોને-ડોન કેર, ના આડે આવશો ફરી—જુવો
અકકડ ફકકડ થઇ એશકી ટાટ, આજે ભોળી આખે,
દીકરા તો છે દળનારીના, નામ દારસ રાખો—જુવો

જર-દારાં— ૧૪

રંગ રાગ મચાવો ખુશાલ ચહેરે યારો,
મુંજીઓને મારો શહેતાન કરો દાબો-રંગ
બે દીનની છે ચાંદની ચુકવાની તકરે શાની ?
કુડો ખેલો રમો, ન આવશે આવો સમો,
બની રગીલા જાંગલા, ઘુવડો હસાવો—મુંજી

મરીયમ— ૧૫

મેં તો પ્રેમકી પ્યાસી, પીયુંકી બન રહી દાસી,
પીયુંકી બન રહી. દાસી, પીયું તુંજ, બીન ઉદાસી—મેં તો.
બન બન ભટકત ધુંડ ફીરતી, તુંજકો કાંહમય પાવુંજી,
સાંવરો મેરો નાહી મીલે તો (૨)
જીયાં મેરો ગભંરાય.—પીયુંકી.

મરીયમ— ૧૬

ઓ સીપંયા કયાં સુદ્ધ બુદ્ધ ગઈરે તેરી, એ કયાસા બનારે ગુલામ.

એ મહોબત ઠગાકી કયા ઉસ્તાદી,

ઉસ્તાદી ખુબ બનાઈ, ઠગાઇ કયા લગાઈ,

લગાઇ, બનાઈ, સુનાઇ—ઓ સીપંયા.

શરાબંકી યારો કયા બલીહારીરે,

હોવે અયસે ગમાર, ફીર કયું હોવે નકાર,

હય ખુદા જો મહેરબાન, મીટ્ટી ચાટે સહેતાન—ઓ સીપંયા,

શીરોઝ— ૧૭

કરમ મુજનું ફુટી ગયુ યારો નશીબ ગયું છે હારી,

ગયા આ ભવના પાપ નડયારે (૨)

થયો દુ:ખી બેચારી—કરમ

જંગલ જેહાન ભટકતા થયા, છોડી સરવે મયા,

ખફા થયો કેમ પરવર હમપર, દયા મહેર ઉતારી—કરમ.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

શીરીન— ૧૮

બની છું હુ જુદાઇથી હયરાન,

અરે મલશે કયારે દીલજાન—બની છું.

આશારે મુંજની, ખુદા કર આશાન,

થઇ છું દુ:ખી બે ધ્યાન (૩)—બની છું.

આશાના દરખતે, રહી છું લટકી,

પીયું પીયું કરૂં અઝદાન (૩)—બની છું.

નરગીસ— ૧૯

ખુદા કરશે સૌ સારાં, હાંકો ચિંત્તાને પ્યારા,

મારો કાઈ ચારો નથી, જીંદગીનો હાલો નથી.

નસીબનો યારો નથી, દુઃખી મુંજ દારાં—ખુદા.

જોડી હાથ કરગરૂં તુંને, ઓ દાદાર અહુરમઝદ.
રહેમ ધરી દીલકર સુખી, હમને સરોસ યઝદ.

મને ધીર ધરો વહાલા—ખુદા.

શીરીન— ૨૦

કીસ્મત તું ક્યારે સતાવેચ, ક્યાં તક તું દુઃખમાં રઝહાવેચ,

રાત દીન જીવ તોડતાં, પુરતું બી અન્ન મળતું નથી.
અભાગ્ય મુજ તકદીર પાસ, બીસાત કુછ તદબીર નથી,

નશીબ બદ મુંજને હરાવેચ-કીસ્મત.

શીરીન— ૨૧

દાદાર લેજે હું દુઃખીને તારા રાજમા,
પાપ મુજના તું કરજેરે માફ સાજમાં.
ભડભડ બળે કાયા, દુંખ ના સહેવાયરે,
વાહલાના વિયોગે, જીવ આ જાયરે,
મલીશુ હવે તો ત્યાંય ત્યાંય ઓ ખુદાય—દાદાર.

સઘળાં— ૨૨

આફતમાં છે એક દીલ સાથી-એ-તે-રફીક,
સુગંધ ગુલને છોડે ન મરતાં-તે-તે-રફીક;
મીત્ર દુઃખી દેખી દાઝે-એ-તે-રફીક;
બીસાત કુછ ન-લેખે જાન-તે-તે-રફીક,
જુએ છે સુખ આપ ભલાઇમાં-એ-તે-રફીક;
પાછી ન પાની ફેરવે ભયથી તે-તે-રફીક,
દીધો ધડો જબુન ખલકને એ-તેં-રફીક!
બક્ષે યઝદાં સાચો સૌને, **જેવા-તુંજ-રફીક!**

સમાપ્ત.